ગુરૂવારથી જૂના સેક્ટરોમાં પાણીનો સમય બદલાશે

ગાંધીનગર, તા. ૩૦

આગામી તા. ૧ નવેમ્બરથી જૂના સેક્ટરોમાં પાણીનો સમય બદલાશે. પાણીના સમયમાં ફેરફારના પગલે ગુરૂવારે સવારે કોમન સપ્લાય આપવામાં આવશે તેમ પણ તંત્ર દ્વારા જણાવાયું છે.

શહેરમાં જૂના સેક્ટરોમાં દર બે મહીને પાણી વિતરણનો સમય બદલાય છે. સે. ૧૪ થી ૩૦માં પાણી વિતરણ વ્યવસ્થાને અસરકારક બનાવવા ચરેડી ખાતે પાણીની નવીન ટાંકી તેમજ પર્પીંગ સ્ટેશનનું કામ પણ થોડા સમય પહેલા જ પૂર્ણ કરાયું છે. જેને અનુલક્ષી નવીન ટાંકીની ટ્રાયલ પ્રકીયા પણ પૂર્ણ કરી દેવાઈ છે. જ્યારે નજીકના ભવિષ્યમાં નવી વ્યવસ્થાને અનુલક્ષી શહેરના તમામ જૂના સેક્ટરોમાં કોમન સપ્લાય આપવાનું આયોજન પણ આખરી કરી દેવાયું છે. ત્યારબાદ બે ઝોનમાં ગોઠવાયેલી પાણી વિતરણ વ્યવસ્થાના બદલે એક જ સમયે પાણી પુરવઠો સપ્લાય થશે. પાટનગર યોજના ભવન પેટા વિભાગ નં. ૧૦ના નાયબ કાર્યપાલક ઈજનેરના જણાવ્યા મુજબ શહેરના જૂના સેક્ટરોમાં તા. ૧ નવેમ્બરથી પાણીનો સમય બદલાશે. જેમાં સે. ૧૪ થી ૧૬ તેમજ સે. ૨૩

સમયમાં ફેરફાર થતા નવેમ્બરથી કોમન સપ્લાય અપાશે

થી ૨૮માં હાલ સાંજનો સપ્લાય છે તે સવારનો થશે. જ્યારે સે. ૧૭ થી ૨૨ તથા સે. ૨૮ અને ૩૦માં હાલ સવારે પાણી પુરવઠો અપાય છે તેનો સમય ગુરૂવારથી સાંજનો થશે. પાણીના સમયમાં ફેરફારના પગલે પહેલી તારીખે સવારે કોમન સપ્લાય આપવામાં આવશે. તેમ પણ જણાવાયું છે.



મહાઆરતી - શરદ પૂનમની રાત્રીએ ઉમિયા માતાજીના મંદિરે ૧૧૧૧૧ દિવડાઓની મહાઆરતી યોજાઈ હતી. ભાવિકોએ મોટી સંખ્યામાં સતત પાંચમાં વર્ષે શરદોત્સવના ગરબા માણ્યા હતા અને મધ્યરાત્રીએ માતાજીની મહાઆરતીનો લાભ લીધો હતો. આ પ્રસંગે મંદિર પ્રાંગણમાં આધ્યાત્મિક અને અલૌકિક વાતાવરણની અનુભૂતિ થઈ હતી. **(તસવીર : દિપક જાની)**

ઈન્ફોસીટી મોલમાં લાયસન્સ વિના ધમધમતી ૩૨ હોટલો બંધ કરાવાઈ

એક પણ હોટલ માલીક પાસે લાયસન્સ ન હતા : તમામ માલીકો વિરૂદ્ધ ગુના દાખલ : એફીડેવીટ બાદ દિવાળી ટાણે રીલેકશેશન અપાશે

ગાંધીનગર, તા. ૩૦

એલ.સી.બી.એ કરેલા આકસ્મીક ચેકીંગમાં ગાંધીનગર ઈન્ફોસીટીના સ્થિત તમામ હોટલો લાયસન્સ વગર ધમધમતી હોવાનું બહાર આવતા એલ.સી.બી.એ તમામ ૩૨ હોટલોને તાળા મરાવી માલીકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહીહાથ ધરી છે. તહેવારને ટાણે મોટી નુકશાની ભોગવવાનો વારો ન આવે તે હેતુથી તાત્કાલીક ધોરણે એકાદ-બે દિવસમાં લાયસન્સ મેળવી લેવા અંગેનું એફીડેવીટ કરીને હોટલ સંચાલકો પોલીસને આપશે તો હોટલ ખોલવા માટે રીલેકશેશન અપાશેતેમ એલસીબી પી.આઈ.એ જણાવ્યું હતું.

ચૂંટણી આચારસંહિતાને કારણે ચાલી રહેલી અટકાયતી પગલાની કામગીરી દરમિયાન ગાંધીનગર એલ.સી.બી. પોલીસના ધ્યાને ઈન્ફોસીટીની એક હોટલ લાયસન્સ વગર ચાલતી હોવાનું ધ્યાને આવ્યું હતું. તબક્કાવાર એક પછી એક ઈન્ફોસીટીની તમામ હોટલોમાં ચેકીંગ કરતાં ચોંકાવનારી બાબત બહાર આવી હતી. એક પણ હોટલના સંચાલકો પાસે લાયસન્સ ન હતા. કોઈ હોટલને એસ.ડી.એમ.ના તો કોઈ હોટલને ફુડ એન્ડ ડ્રગ્સના લાયસન્સ ન હતા. જ્યારે કેટલીક હોટલને તો બન્ને પૈકી એકેયનાંલાયસન્સ ન હોવાનું એલ.સી.બી.ને ધ્યાને આવ્યું હતું. ગાંધીનગર એલ.સી.બી.એ તમામ ૩૨ હોટલોને બંધ કરાવી દઈને ૩૨ માલીકોવિરૂદ્ધ ગુના દાખલ કરી કોર્ટમાં રજુ કર્યા હતા. દિવાળી નજીકમાં હોવાથી પોલીસ દ્વારા થોડુ રીલેકશેસન આપવામાં આવ્યું છે. એલ.સી.બી. પી.આઈ. એસ.જી. પરમારના જણાવ્યા મુજબ બને તેટલુ જલદી બન્ને સ્થળેથી લાયસન્સ મેળવી લેવાની બાહેંધરી દર્શાવતુ એફીડેવીટ તમામ હોટલ માલીકે એકાદ દિવસામાં પોલીસ સ્ટેશને પહોંચાડી દીધા બાદ જ હોટલ શરૂ કરવા દેવામાં આવશે.

જિલ્લાના ૭૭ અધિકારીઓને એક્ઝી. મેજીસ્ટ્રેટની સત્તાઓ અપાઈ

ગાંધીનગર, તા. ૩૦

રાજ્ય વિધાનસભાની યોજાનાર સામાન્ય ચૂંટણીઓને લઈ આચારસંહિતાનો અમલ અસરકારક રીતે થઈ શકે તે માટે જિલ્લા કલેકટરશ્રી સ્વરૂપે તેમને મળેલ સત્તાની રૂએ ૭૭ જેટલા કર્મચારીઓને કાર્યવાહક એક્ઝી. મેજીસ્ટ્રેટની સત્તાઓ અનોપત કરતુ જાહેરનામુ પ્રકાશીત કર્યુ છે.

ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભા કે રાજ્ય વિધાનસભાની બેઠકોની ચૂંટણી જાહેર થાય તથા રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ જાહેર થાય ત્યારે તે અંગે બહાર પાડવામાં આવતા જાહેરનામાની તારીખથી મેજીસ્ટ્રેરીયલ પાવર્સ ધરાવતા ન હોય તેવા ચૂંટણી અધિકારીશ્રીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીઓ, ઝોનલ અધિકારીશ્રીઓ, વિવિધ કામગીરી માટે નિયુક્ત નોડલ ઓફિસરશ્રીઓ, ફ્લાઈંગ સ્કવોર્ડ, સ્ટેટીક સર્વેલન્સ ટીમમાં નિયુક્ત તથા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને ચૂંટણી કામગીરી માટે નિયુક્ત કરવા જરૂરી જણાય તે રીતે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેવા તમામ અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓની તેમના વિસ્તાર અને નિશ્ચિત સમયગાળા માટે જિલ્લા મેજીસ્ટ્રેટ, ગાંધીનગરશ્રી પી. સ્વરૂપે (આઈ.એ.એસ.) ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૧ હેઠળ ખાસ કાર્યપાલક મેજીસ્ટ્રેટ તરીકેના અધિકારો ભોગવવા અધિકૃત કર્યા છે.

આ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને કયા વિસ્તાર અને સમયગાળા માટે નિમણૂંક આપવી તે અંગેનો નિર્ણય જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ કરવા તથા જાહેરનામા અન્વયે મળેલ સત્તાનો દૂરઉપયોગઅથવા ખોટી રીતે અમલ ન થાય તેવી જોગવાઈ સાથે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગરે જાહેરનામુ બહાર પાડ્યું છે.

ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ ૩૪-દહેગામ, ૩૫-માણસા, ૩૬-કલોલ વિધાનસભા મત વિભાગની સામાન્ય ચૂંટણીના કામે આ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય તે સમયગાળા સુધી સરકારશ્રીના ઉક્ત જાહેરનામાને આધિન અધિકારી/કર્મચારીશ્રીઓ નિમણૂંક થયેલ વિસ્તારમાં પોતાને મળેલ અધિકારો ભોગવી શકશે. તેવો હૂકમ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી દ્વારા કરવામાં આવ્યો છે.

રાજ્યમાં મતદાર જાગૃતિ અભિયાનની તૈયારી શરૂ

અમદાવાદ, તા. ૩૦

ગુજરાત વિધાનસભાની યોજાનાર સામાન્ય ચૂંટણીમાં મતદારો પોતાની ફરજ અદા કરી શકે તથા મહત્તમ યુવા -મહિલાઓ મતદારો પણ મતદાન કરવા સક્રિય બને તે માટે સમગ્ર રાજ્યમાં મતદાન જાગૃતિ અભિયાન કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમમાં લોકોને પ્રજા દ્વારા, પ્રજા થકી અને પ્રજા માટે ચાલતા શાસન વ્યવસ્થાની વાત કરી પોતાના મતદાનના અધિકારની પવિત્ર ફરજ બજાવી મતદાન કરવા ખાસ અનુરોધ કર્યો હતો.

આજની યુવાપેઢીને એટલું જ્ઞાન છે કે તેમના પ્રતિનિધિ કેવા હોવા જોઈએ તો તેવા સમયે તમારા યોગ્ય પ્રતિનિધિને મત આપી પોતાની ફરજ અદા કરવા અનુરોધ કર્યો હતો.

આચાર સંહિતાના નામે ખેડૂતોને અડચણ ઉભી ન કરો : કિસાન સંઘ

ખાતરની ફાળવણી, ખેતપાકની ખરીદી સહિતની બાબતો રૂટીન : ચૂંટણી કમિશન હસ્તક્ષેપ ન કરે તેવી માંગ

ગાંધીનગર, તા.૩૦

આચાર સંહિતાનો શ્રેષ્ઠ અમલ કરવાના ઉત્સાહમાં ખેડૂતોને ખેતીના પ્રશ્ને કોઈ પણ પ્રકારની અડચણ ઉભી ન થાય તેની ખાસ તકેદારી રાખવા ભારતીય કિસાન સંઘે માંગ કરી છે.

ચોમાસા દરમિયાન વરસાદની અનિયમિતતાના લીધે રવિ સીઝનના પાક માટે અમૂક જગ્યાએ પાણીનો પ્રશ્ન ઉદભવ્યો છે. જ્યારે જે સ્થળે સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ છે ત્યાં સમયસર પાણી પહોંચતું કરવા પણ રજૂઆતમાં જણાવાયું છે. ભારતીય કિસાન સંઘના પ્રદેશ મહામંત્રી મણીભાઈ પટેલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર ચૂંટણી પર્વને ઐતિહાસિક બનાવવું હોય તો તેમાં લોકશાહીના મુલ્યો જાળવવા જોઈએ નાગરિકોના તમામ બંધારણીય હક્કો અકબંધ રહે તેને ધ્યાને લઈ આચારસંહિતાના નિયમો અમલમાં મુકવા જોઈએ. ચોમાસામાં વરસાદની અનિયમિતતાના લીધે રવિ સિઝનમાં ખેડૂતોને સમયસર પાણી મળી રહે તે અનિવાર્ય છે. અગાઉના સમયમાં પણ આ મામલે આચારસંહિતા આડી આવી નથી. રવિ સીઝન માટે રાસાયણિક ખાતરની ફાળવણી અને સરકારી તંત્ર દ્વારા ખેતીના પાકની ખરીદી વગેરે બાબતો રૂટીન પ્રકીયા સમાન હોવાથી આ મામલે ચૂંટણી કમિશન હસ્તક્ષેપ ન કરે તેમ પણ રજૂઆતમાં જણાવાયું છે. નવા-નવા નિયમોનો ખેડૂતો ભોગ ન બને તેની તકેદારી રાખવા પણ કિસાન સંઘે અનુરોધ કર્યો છે.

બેસણું

અમારા માતૃશ્રી **હંસાબેન નરોત્તમદાસ વ્યાસ** (નિવૃત્ત પોલીસ ઈન્સ્પેકટર) તા. ૨૮/૧૦/૨૦૧૨ને રવિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૧/૧૧/૨૦૧૨ને ગુરૂવારના રોજ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ કલાકે** નીચેના સરનામે રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૩૨૮/૨, સેક્ટર-૨/સી, ગાંધીનગર

દ્યુતિ વ્યાસ (Scope) **દિપક વ્યાસ (BOB)**

આજે ભાજપ વિધાનસભાની ૩૦ બેઠકોની સમીક્ષા હાથ ધરશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ચૂંટણીના ઉમેદવારોની પસંદગી માટે ભાજપાની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો આજથી શાંતિનિકેતન ખાતે પ્રારંભ થયો હતો.

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ શ્રી આર.સી. ફળદુની અધ્યક્ષતામાં યોજાયેલ બેઠકમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા, ભાજપાના રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી શ્રી વી. સતીષજી, પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો, ઉપરાંત શ્રી ઓમ માથુરજી તેમજ ગુજરાત રાજ્યના પૂર્વ ગૃહ તેમજ કાયદાપ્રધાન શ્રી અમીત શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આજરોજ ભરૂચ, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડ, તાપી, સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાની મળી કુલ ૨૯ બેઠકોની સમીક્ષા મોડી સાંજ સુધી હાથ ધરાનાર છે.

અરિહંત
રેડીમેડ ગારમેન્ટ્સ
સેક્ટર-૨૧ અને સેક્ટર-૭

એસોસીએશનના લકી ડ્રોમાં અમારા શો-રૂમના લકી ગ્રાહકોના કુપન નંબરની યાદી

A	4887	Three Jar Cello Tiffin	B	6334	Three Jar Cello Tiffin	D	2163	Cello Water Jug
A	5067	Koryo Oven	B	6403	Cello Water Jug	D	2178	Koryo Oven
A	5124	Dual Sim Mobile	B	7081	Maharaja Mixer	D	2422	Cello Water Jug
A	5228	Blender / Toster	B	7378	Koryo Oven	D	2562	Picnic Set (37 pcs)
A	6719	Three Jar Cello Tiffin	B	7414	Blender / Toster	D	2587	Cello Water Jug
A	6911	Three Jar Cello Tiffin	B	7551	Cello Water Jug	D	2656	Digital Camera
A	6917	Cello Water Jug	B	9208	Digital Camera	D	2664	Cello Water Jug
A	7261	Blender / Toster	B	9316	Cello Water Jug	D	2915	Cello Water Jug
A	8699	Three Jar Cello Tiffin	C	84	Three Jar Cello Tiffin	D	3318	Picnic Set (37 pcs)
A	8711	Three Jar Cello Tiffin	C	124	Three Jar Cello Tiffin	D	3394	Three Jar Cello Tiffin
A	8765	Cello Water Jug	C	309	Maharaja Mixer	D	3423	Three Jar Cello Tiffin
A	8821	Cello Water Jug	C	394	Three Jar Cello Tiffin	D	3733	Blender / Toster
A	9257	Picnic Set (37 pcs)	C	746	Three Jar Cello Tiffin	D	3795	Cello Water Jug
A	9302	Whirlpool Refrigerator	C	854	Cello Water Jug	D	4003	Picnic Set (37 pcs)
A	9328	Blender / Toster	C	896	Three Jar Cello Tiffin	D	4264	Three Jar Cello Tiffin
A	9432	Blender / Toster	C	2833	Three Jar Cello Tiffin	D	6084	Three Jar Cello Tiffin
A	9518	Three Jar Cello Tiffin	C	2949	Cello Water Jug	D	6093	Three Jar Cello Tiffin
B	634	Digital Camera	C	3122	Cello Water Jug	D	6171	Blender / Toster
B	672	Koryo Oven	C	3126	Koryo Oven	D	6664	Blender / Toster
B	704	Cello Water Jug	C	3156	Cello Water Jug	D	6683	Picnic Set (37 pcs)
B	785	Koryo Oven	C	3184	Blender / Toster	D	6765	Cello Water Jug
B	816	Maharaja Mixer	C	3256	Cello Water Jug	D	6790	Koryo Oven
B	845	Three Jar Cello Tiffin	C	3576	Three Jar Cello Tiffin	D	6807	Three Jar Cello Tiffin
B	1410	Picnic Set (37 pcs)	C	3669	Cello Water Jug	D	7005	Maharaja Mixer
B	1446	Three Jar Cello Tiffin	C	3686	Cello Water Jug	D	7515	Cello Water Jug
B	1619	Three Jar Cello Tiffin	C	3704	Three Jar Cello Tiffin	D	7559	Three Jar Cello Tiffin
B	1708	Cello Water Jug	C	3874	Cello Water Jug	D	8288	Cello Water Jug
B	2325	Blender / Toster	C	3915	Three Jar Cello Tiffin	D	8485	Cello Water Jug
B	2413	Maharaja Mixer	C	4695	Sansui 32 inch LCD	D	8609	Blender / Toster
B	2484	Blender / Toster	C	5605	Digital Camera	D	8641	Blender / Toster
B	2593	Cello Water Jug	C	5658	Picnic Set (37 pcs)	D	8708	Three Jar Cello Tiffin
B	2666	Three Jar Cello Tiffin	C	5682	Cello Water Jug	D	8776	Cello Water Jug
B	2676	Blender / Toster	C	5691	Three Jar Cello Tiffin			

(૧) કુલ ૩૫૧ ઈનામો પૈકી ૧૫૨ ઈનામ અમારા ગ્રાહકોએ મેળવ્યા છે.
(૨) ઈનામો તા. ૩૦-૧૧-૨૦૧૨ સુધીમાં અમારા કોઈપણ શો-રૂમ ઉપરથી મેળવી લેવા વિનંતી.

ફર્નિચર ભાડે મળશે

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

SANGHI CEMENT · KISAN · BENELAVE · H.FIXIT · TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · SANGHI STEEL - ISI · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સોળમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

જીવન એવું જીવી ગયા કે
કદી ભુલાય નહિ,
વિદાય એવી આપતા લીધી કે
મૃત્યુ પણ રડી ઉઠ્યું.
આજે ૧૫ વર્ષ બાદ પણ આપની
સ્મૃતિ પળેપળ અમારી સાથે છે.

આપનો પ્રેમાળ સ્વભાવ, કાર્યશૈલી,
પારિવારિક ભાવના અમને પ્રેરક બની રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

સ્વ. કુંદનબેન બી. શુકલ
જન્મ તા. ૧૭-૧૦-૧૯૪૨
સ્વર્ગવાસ : ૨૮ ઓક્ટોબર - ૧૯૯૬

બી. એ. શુકલ IAS (નિ.)
(પૂર્વ કલેક્ટર, ગાંધીનગર)
ડો. વિરાજ - દેવાંગ (મેનેજર યુ.એસ.એ.)
ડો. કાનન - ડો. કલ્પેશ
પ્રોફ. સોનલ - ધવલ (સી.એસ.)
ભાવિન (એડવોકેટ)
આદિત્ય, અંબિકા, મૈત્રી, પવિત્રા, પ્રાંજલ
તથા સમસ્ત પરિવાર

ડો. એચ. એલ. ત્રિવેદી
ડાયરેક્ટર - (કિડની ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ)
શ્રીમતી સુનિતાબેન એચ. ત્રિવેદી
હરિપ્રસાદ ત્રિવેદી
(ડાયરેક્ટર, એગ્રી.)
સુશીલાબેન દવે (વિદુષી)
પ્રો. કાર્તિક ત્રિવેદી (યુ.એસ.એ.)

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com